કરાર આધારે ફિકસ પગારથી નિમણૂંક પામેલ
કર્મચારીઓની બદલી-પ્રતિનિયુકિત અંગેની
માર્ગદર્શક સૂચનાઓ બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ એમઆઇએસ-૧૦/૨૦૧૫/૫૫૬૧૯૫/ગ-૫
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૧૭/૦૯/૨૦૧૬

વંચાણે લીધાઃ- (૧) સા.વ.વિ.ના તા.૦૧/૦૮/૧૫ ના પરિપત્ર ક્રમાંક: એમઆઇએસ/ ૧૦/ ૨૦૧૫/ ૫૫૬૧૯૫/ગ-૫

આમુખઃ-

રાજયમાં નવા જીલ્લા/તાલુકાઓની રચના થયેલ છે અને તેના કારણે નવી કચેરીઓ પણ કાર્યરત કરવામાં આવી છે. આ કચેરીઓના મંજૂર થયેલ મહેકમ ઉપર નિયમિત નિમણૂંક ન થાય ત્યાં સુધી કચેરીનું વહીવટી કામકાજ સરળતાથી ચાલે તે બાબતને લક્ષમાં રાખીને તેમજ વહીવટી અનુકુળતાને ધ્યાને લઇને જરૂરીયાત મુજબના કર્મચારીઓની બદલી/ પ્રતિનિયુકતિ થી આવી જગ્યાઓ ભરવામાં આવી હતી.

રાજયમાં ઉભી કરવામાં આવેલ નવી કચેરીઓના કારણે સામાન્ય જનતાને સરકારી યોજનાઓનો/સેવાઓનો સમયસર લાભ મળી રહે તે જરુરી છે. આ હેતુ સાકાર થાય તે માટે તેમજ રાજયના વિશાળ વહીવટી હિતને ધ્યાનમાં રાખતાં સંદર્ભ (૧)માં વંચાણે લીધેલ તા.૧/૮/૨૦૧૫ નો પરીપત્ર રદ કરીને નવેસરથી સૂચનાઓ પ્રસિધ્ધ કરવી જરૂરી જણાયેલ છે. આ બાબતને નજર સમક્ષ રાખીને કરાર આધારે ફીકસ પગારથી ફરજ બજાવતા કર્મચારીઓની બદલી-પ્રતિનિયુકતિ સંદર્ભે નીચે મુજબની માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવે છે.

નવા જીલ્લાની રચના થવાના કારણે જૂના જીલ્લામાંથી કરાર આધારે ફીકસ પગારથી ફરજ બજાવતા કર્મચારીઓની આંતરીક વ્યવસ્થાના ભાગરૂપે બદલી-પ્રતિનિયુકતિ કરી શકાશે.

જૂના જીલ્લામાંથી નવા જીલ્લામાં આંતરીક વ્યવસ્થાના ભાગરૂપે કરવામાં આવતી બદલી-પ્રતિનિયુકતિના કીસ્સાઓમાં જ આ સૂચનાઓ લાગુ પડશે. કરાર આધારીત નિમણૂંક પામતા કર્મચારીની બદલી-પ્રતિનિયુકિતના હુકમમાં એ બાબત સ્પષ્ટ

કરવાની રહેશે કે, આ બદલી-પ્રતિનિયુકિત સરકારની વહીવટી અનુકૂળતા માટે તદ્દન હંગામી ધોરણે કરવામાં આવી રહેલ છે અને તેમની નિમણૂંક તેઓ જે મૂળ જીલ્લામાં નિમાયા છે ત્યાં જ ચાલુ રહેશે. આ સિવાયના અન્ય કીસ્સાઓમાં આ સૂચનાઓ લાગુ પડશે નહીં

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.એચ.મનસુરી)
નાયબ સચિવ (ક.ગ.-૨)
સામાન્ય વહીવટ વિભાગ

નકલ રવાના:

- મહામહીમ રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
-માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
-સર્વેમાન.મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓ/સંસદીયસચિવશ્રીઓનાઅંગતસચિવશ્રી સચિવાલય,ગાંધીનગર.
- માન.મુખ્યસચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત હાઇકોર્ટ સોલા, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો,
- સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ તરફ જાણ અને જરૂરી કાર્યવાહી અર્થે.
- સર્વે ખાતાના  વડાઓ.
- એકાઉન્ટન્ટ જનરલ કચેરી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- <u>સીલેકટ ફાઇલ</u>

* પત્ર દ્વારા